ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

સ્થાનમાન		મહત્તમ	લઘુત્તમ
	અંકલેશ્વર	૩૬.૦° સે.	૨૪.૦° સે.
	બારડોલી	૩૪.૦° સે.	૨૨.૦° સે.
	ભરૂચ	૩૬.૦° સે.	૨૪.૦° સે.
	વ્યારા	૩૪.૦° સે.	૨૨.૦° સે.

તાપીમાં છલાંગ લગાવતા યુવાનને મહિલા પોલીસે બચાવી લીધો

આપઘાતની કોશિશ કરતો હતો ત્યારે કોન્સ્ટેબલ પિન્કલ ત્યાંથી મોપેડ પર પસાર થઇ રહ્યાં હતાં



વિશાલ પટેલ

કામરેજ: ઓનલાઇન ગેમિંગ તેમજ શેરબજારમાં રૂપિયા હારી જનાર યુવક તણાવમાં આવી જતાં આંબોલી-ખોલવડ વચ્ચેના તાપીનદીના પુલ પરથી આપઘાત કરવા જતાં જિલ્લા ટ્રાફિકની મહિલા પોલીસ કોન્સ્ટેબલે યુવકને બચાવી લઈને ખાખી આવી પણ કામગીરી કરે છે એનુ ઉત્તમ ઉદાહરણ પુરુ પાડયુ હતું.

રવિવારના રોજ બપોરના આશરે 1.15 કલાકે ચોર્યાસી ગામના પાટિયા ખાતે આવેલી જિલ્લા ટ્રાફિકની ઓફિસથી ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા મહિલા કોન્સ્ટેબલ પિન્કલબેન પોતાની મોપેડ લઈને કામરેજ ચાર રસ્તા તરફ જઈ રહ્યા હતા ત્યારે અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર 48 પર તાપીનદીના બ્રીજની દિવાલ પર ચઢીને તાપીનદીમાં છલાંગ મારવાની કોશિશ કરવા જઈ રહ્યો હોવાના દ્રશ્યો મહિલા પોલીસ કોન્સ્ટેબલે જોતા તુરંત જ સમય સુચકતા વાપરીને છલાંગ મારવા જઈ રહેલા યુવકને દિવાલ પરથી નીચે ઉતારીને જિલ્લા ટ્રાફિકના પીએસઆઈ આઈ.એ.સિસોદીયાને ઘટનાની જાણ કરતાં તુરંત જ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. યુવકની પુછપરછ કરતાં શેર માર્કેટ તેમજ ઓનલાઈન ગેમિંગમાં રૂપિયા હારી જતાં લોન તેમજ મિત્ર પાસોથી લીધેલા રૂપિયાના હપ્તા સમયસર ન ભરવાના કારણે તણાવમાં આવી જતાં આપઘાત કરવાનો હોવાનુ જણાવ્યું હતું.

રૂ. ૧.૧૨ કરોડના પિગમેન્ટ કાઢી માટીની બેગો મૂકી દીધી

અંકલેશ્વર GIDCમાંથી હજીરા પોર્ટ મોકલાયેલા કન્ટેનરનું સીલ તોડી ખેલ કરી દેવાયો

અંકલેશ્વર : અંકલેશ્વર જીઆઈડીસીમાંથી સુરતના હજીરા પોર્ટ ખાતે મોકલવામાં આવેલા રૂ.૧.૧૨ કરોડથી વધુની કિંમતના પિગમેન્ટ ગ્રીન-૭ કેમિકલના જથ્થાની રસ્તામાં જ ચોરી કરી માલની અદલાબદલી કરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

અંકલેશ્વર GIDC સ્થિત સુભશ્રી પિગમેન્ટ્સ કંપનીએ તા.૨૬ ઓક્ટોબરના રોજ પિગમેન્ટ ગ્રીન-૭નું ફિનિશ્ડ મટીરિયલ પ્લાસ્ટિકની ૪૪ જંબો બેગમાં ભરી કન્ટેનર સુરત હજીરા પોર્ટ ખાતે મોકલ્યું હતું. એક બેગનું વજન ૩૭૫ કિલોગ્રામ અને કિંમત રૂ.૨,૫૬,૮૭૫ હતી. આમ, કુલ ૪૪ બેગની કિંમત રૂ.૧,૧૨,૯૯,૭૬૧ થતી હતી.

આ માલ પ્રિયંકા લોજિસ્ટિક મારફતે ટ્રક નંબર જીજે-૧૬-એવાય -૫૫૪૩માં કન્ટેનર સાથે ઈ-સીલ અને ઓટીએસ સીલ લગાવી રવાના કરવામાં આવ્યો હતો. જોકે, તા.૨૯ ઓક્ટોબરના રોજ ટ્રક હજીરા પોર્ટ ખાતે પહોંચ્યો ત્યારે તપાસ દરમિયાન કન્ટેનરમાંથી કંપની દ્વારા મોકલવામાં આવેલો પિગમેન્ટનો જથ્થો ગાયબ હોવાનું જણાયુ હતુ. આરોપ છે કે રસ્તામાં જ કન્ટેનરની સીલ તોડી ૪૪ જંબો બેગમાં ભરેલો કિંમતી માલ કાઢી લેવામાં આવ્યો હતો અને તેના બદલે સિમેન્ટની પ્લાસ્ટિકની થેલીઓમાં રેતી તથા માટી ભરી આશરે ૨૫૦ જેટલી બેગો કન્ટેનરમાં મૂકી દેવામાં આવી હતી. આ મામલે કંપનીના પ્રતિનિધિ ધનંજય કૃષ્ણસ્વામી શ્રીવત્સને ટ્રકના ચાલક ગુરુ જગત પાલ (રહે. ઉત્તરપ્રદેશ) તથા તપાસમાં બહાર આવે તેવા અન્ય વ્યક્તિઓ સામે અંકલેશ્વર GIDC પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પરબ ગામે કારખાનામાં આગ લાગી


વિશાલ પટેલ

- કામરેજ : કામરેજ તાલુકાના પરબ ગામની હદમાં આવેલા ઓમ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં પ્લોટ નંબર 281 થી 283માં ઉભેળ જતાં રોડ પર આવેલા વેલવેટ બનાવવાના કારખાનામાં બીજા માળ પર શોર્ટ સર્કિટના લઈને આગ લાગી હતી. જેના લઈને કામરેજ, બારડોલી તેમજ કડોદરાની મળી ત્રણ ફાયર વિભાગની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. કારખાનાનો માલ બધો સળગી જવા પામ્યો હતો.

ગણપતિની આરતીમાં કૂતરાનું ઈમોજી કેમ રાખ્યું?

પલસાણાના જોળવા ગામમાં પિતા-પુત્ર પર હુમલો

પલસાણા : સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામમાં ઈન્સ્ટાગ્રામ વિડીયોમાં ચહેરા પર કૂતરાનું ઈમોજી મૂકવા જેવી સામાન્ય બાબતમાં મારામારીની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં ત્રણ શખ્સોએ પાનના ગલ્લાના વેપારી અને તેના પિતા પર લાકડી તથા ઢીકમુક્કી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ ફરિયાદ મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ જોળવા ગામના ગોલ્ડન પોઈન્ટમાં રહેતા ૩૪ વર્ષીય લોકેન્દ્રસિંગ ઉર્ફે લક્કી કુશ્વાહ હલધરૂ નહેર પાસે આવેલી તેમની પાનની દુકાન પર ગઈ તારીખ ૨૯ ઓક્ટોબરે પિતા સાથે હાજર હતા.

ત્યારે સોનુ જનાર્દન પાટીલ, રામા અને સુધીર નામની ત્રણ વ્યક્તિ ત્યાં ધસી આવી હતી. સોનુએ ગણપતિ આરતીના એક ઈન્સ્ટાગ્રામ વિડિયોમાં પોતાના ચહેરા પર કૂતરાનું ઈમોજી કેમ રાખ્યું તેમ પૂછતાં લોકેન્દ્રસિંગે ભૂલથી મુકાયું હોવાનું જણાવ્યું હતું.

આ જવાબથી ઉશ્કેરાયેલા સોનુ પાટીલે ગાળો આપી લાકડી વડે યુવાનના ડાબા હાથે અને પગના ભાગે સપાટા માર્યા હતાં.

સાથે આવેલા રામા અને સુધીરે પણ યુવાનને માર માર્યો હતો અને યુવાનના પિતા તેને છોડાવવા વચ્ચે પડતા રામાએ તેમને પણ માર માર્યો હતો. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

વ્યારાના ફાર્મ હાઉસમાં ચાલતા જુગાર ધામ પર LCB ની રેડ

ઇન્દુગામમાંથી 8 જુગારી પાસે કુલ્લે રૂપિયા 12.19 લાખનો મુદ્દામાલ કબજે

વ્યારા : તાપીમાં વ્યારા નજીક ઈન્દુ પાસે LCB ની ટીમે ગત તારીખ 31-10-2026 ના રોજ LCB એ સાંજના સાડા છ થી સાડા આઠ વાગ્યાના અરસામાં ઈન્દુ પાસે ટાટા મોટર્સ પાછળ પ્રવિણ મેરામણના ફાર્મ હાઉસમાં બંધ બંગલીની અંદર દરોડો પાડી 8 જુગારીઓને ઝડપી લીધા હતા.

પકડાયેલા આરોપીઓમાં ભીખુ લક્ષ્મણ નંદણીયા (ઉં.વ 40 રહે. કૃષ્ણનગર, ગામ તાડકુવા તા.વ્યારા જિ.તાપી), કિરીટ રણછોડ કોરિંગા (રહે. વૃંદાવનધામ, ગામ તાડકુવા તા.વ્યારા જિ.તાપી), નિલેશ માલદે છેતરિયા (રહે. બેડકુવા નજિક તા. વ્યારા જિ.તાપી) રાજુ નારણ કનારા (રહે. કૃષ્ણનગર ગામ - તાડકુવા તા.વ્યારા જિ.તાપી), રામલાલ ખુશારામ પટેલ (રહે. મકાન નં.03 સ્નેહકુંજ સોસાયટી સિટી મોલ પાસે વ્યારા જિ.તાપી), વિનેશ હરિવલ્લભ ખાંટ (રહે. 30, રામકબીર વ્યારા જિ.તાપી, પંકેશ જયરામ નકુમ રહે. કૃષ્ણનગર, તાડકુવા તા.વ્યારા જિ.તાપી), રામ ભીખા છેતરિયા (હાલ રહે. ફ્લેટ નં.101 મીરા રેસિડેન્સી ડી.કે. પાર્કની બાજુમાં વ્યારા જિ.તાપી મૂળ રહે. તુંગી ગામ, તા.લાલપુર જિ. જામનગર)નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી 5.19 લાખની રોકડ રકમ ઉપરાંત મોબાઈલ, મોટરસાયકલ અને ફોર વ્હીલર ગાડી મળી 12,19,740નો મુદ્દામાલ કબજે લીધો છે.

પીપોદરામાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

હથોડા: પાલોદ પોલીસ સ્ટેશન હદમાં પોલીસે બાતમીના આધારે પીપોદરા ગામની સીમમાં કન્યાસી જતા રોડ પર આવેલા સુખરામ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ પાસે રેડ કરી હતી. દરમિયાન જાહેરમાં ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહેલા સાયણના બિનિતકુમાર પાંડે, સિવાણના હિતેશકુમાર શિરસાટ અને પીપોદરાના સુનીલભાઈ વર્મા નામના ત્રણ ઇસમને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી જુગારના દાવ પરના રોકડા રૂ.૬,૦૦૦, અંગઝડતીના રૂ.૧૪,૫૦૦ અને ૩ મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૩૬,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઉચ્છલના પાંખરીમાંથી ઘરમાં 60 હજારના દાગીનાની ચોરી

વ્યારા : ઉચ્છલના પાંખરી ગામે ઘરમાંથી 60 હજારના ઘરેણાં ચોરીનો કિસ્સો સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ મરિયમબેન રાજુભાઈ ગામીત (ઉં.વ 39 રહે. પાંખરી ગામ સડક ફળિયું તા.ઉચ્છલ જી.તાપી) ખેતીકામ અને ગામની પ્રાથમિક શાળામાં રસોઈની કામગીરી કરીને પોતાના પરિવારનું જીવન ગુજરાન ચલાવે છે. ગત તારીખ 20 ઓક્ટોબર થી 31 ઓક્ટોબર દરમિયાન તેમના ઘરમાં ચોરીની ઘટના બની હતી. તેમના ઘરેથી 24,000ની કિંમતના 20 તોલાના ચાંદીના સાંકળા 12 હજારની કિંમતની ચાંદીની કંઠી 6,000ની કિંમતના 5 તોલાના ચાંદીના બે પાટલા ઉપરાંત ચાંદીનું બ્રેસલેટ, બુટ્ટી અને એક સોનાની ફૂલડી મળીને કુલ રૂપિયા 60,000/- સોના ચાંદીના દાગીનાની ચોરી થઈ ગઈ હતી. તેમણએ કરેલી ફરિયાદના આધારે ઉચ્છલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

માંડવી ખાંડ ઉત્પાદક સહકારી મંડળીની ૧૨મી સામાન્ય સભા યોજાઈ


હિતેશ પટેલ

માંડવી: માંડવી ખાંડ ઉત્પાદક સહકારી મંડળી લિ.ની ૧૨મી માસિક સામાન્ય સભામાં મુખ્યત્વે વર્તમાન સમયમાં ચર્ચાના કેન્દ્રમાં રહેલી 'માંડવી સુગર બચાવો ચળવળ' વિષય પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તેમજ આગામી સમયની રણનીતિ નક્કી કરવામાં આવી હતી. સુગરનું ભવિષ્ય શેરડી ઉત્પાદક ખેડૂત સભાસદોના વ્યાપક હિતમાં હોય તેવા નિર્ણયો લેવાય તે અંગે સભાસદો અને કસ્ટોડિયન કમિટી વચ્ચે સઘન ચર્ચા-વિચારણા થઈ હતી. આ મહત્વપૂર્ણ સભામાં કસ્ટોડિયન સમિતિના પ્રમુખ સંદીપભાઈ શર્મા તેમજ સમિતિના અન્ય તમામ સભ્યો વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વદેશિયાના સરપંચ મિતલભાઈ વી. ચૌધરી, અરેઠના આગેવાન રેવજીભાઈ ચૌધરી, પીલાજીભાઈ તેમજ માંડવી તાલુકા પંચાયત સદસ્ય હિમાંશુ ચૌધરી અને સભાસદો ઉપસ્થિત રહ્યા હતાં.

બારડોલીમાં સરદાર પટેલ કો.ઓ. સોસાયટીમાં લોહપુરુષની જન્મજયંતીની ઉજવણી



બારડોલી : અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે 'સરદાર પટેલ કો-ઓપરેટિવ સોસાયટી ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સોસાયટીના પ્રમુખ, ઉપપ્રમુખ, તમામ ડિરેક્ટરો અને સ્ટાફ મિત્રો દ્વારા આ રાષ્ટ્રીય પર્વની ખૂબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ગૌરવપૂર્ણ પ્રસંગે સોસાયટીના તમામ હોદ્દેદારો અને સ્ટાફ ગણે સરદાર સાહેબને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ઉપસ્થિત સૌ લોકોએ સરદાર પટેલના રાષ્ટ્રપ્રેમ, દેશની એકતા અને અખંડિતતા જાળવવાના તેમના મહાન વિચારો અને બલિદાનોને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

રાષ્ટ્રીય એકતા દિવસે શેરડીના રમતવીર કિશન પટેલનું સન્માન



સાયણ: લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસ ૨૦૨૬ની ભવ્ય ઉજવણી શેરડી પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સરપંચ નરેન્દ્રભાઈ પટેલ, ઉપસરપંચ, અન્ય કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણી દરમિયાન શેરડી પ્રાથમિક શાળા ખાતે યોજાયેલી શપથવિધિમાં કિશન પટેલે અન્ય સભ્યો સાથે ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, કિશન પટેલે તા. ૨૫/૧૦/૨૦૨૬ ના રોજ યોજાયેલી રાજ્ય કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં ભાગ લઈને ત્રિપલ દોડ, ઊંચી કૂદ અને વિઘ્ન દોડ એમ ત્રણેય સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવીને ૩ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતા. જે બદલ શેરડી તલાટી ઓફિસ ખાતે કિશન પટેલનું પુષ્પગુચ્છ અને ઉપહાર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર : ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને ડી.એ. આનંદપુરા કલ્યરલ એન્ડ સ્પોર્ટ્સ સેન્ટર, અંકલેશ્વરના સંયુક્ત ઉપક્રમે આજે રવિવાર, ૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે ૫:૩૦થી ૮:૦૦ કલાક દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો, યુવાનો અને યોગપ્રેમીઓ ઉત્સાહભેર જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોએ સૂર્ય નમસ્કારના વિવિધ આસનો કરી યોગ અને શારીરિક કસરતનું મહત્વ સમજ્યું હતું.યોગના માધ્યમથી શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક શાંતિ અને સકારાત્મક જીવનશૈલીનો સંદેશ આપતા આ કાર્યક્રમમાં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વહેલી સવારના વાતાવરણમાં સામૂહિક યોગાભ્યાસ થકી અંકલેશ્વરમાં સ્વાસ્થ્ય અને યોગ પ્રત્યે જાગૃતિનો સુંદર સંદેશ પ્રસર્યો હતો.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિએ યોગ અને સ્વસ્થ જીવનશૈલી પ્રત્યે નગરજનોનો ઉત્સાહ દર્શાવ્યો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Drishyam:The Conclusion
12:00pm, 06:00pm
Rajni The Jailer 2
10:00am, 01:00pm, 03:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Nayyi Navelli - 04:00pm
Street Fither - 11:00am, 05:00pm
Prahar The Untold Of Ujjwal Nikam - 02:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



રોઝાટંકારીયામાં ગૌચરની જમીન પર ડામર પ્લાન્ટનો વિરોધ

એક સપ્તાહમાં પ્લાન્ટ દૂર કરવામાં નહીં આવે તો આંદોલનની ચીમકી

ભરૂચ : આમોદ તાલુકાના રોઝાટંકારીયા ગામે ગૌચરની જમીન પર ડામર પ્લાન્ટ શરૂ કરવાના મુદ્દે વિવાદ સર્જાયો છે. દહેજ-આમોદ માર્ગના કામ માટે આવેલા કોન્ટ્રાક્ટરે ગ્રામ પંચાયતની પૂર્વ મંજૂરી કે NOC લીધા વિના ગામ નજીક વોટરવર્ક્સની પાણીની ટાંકી પાસે આવેલી ગૌચરની જમીન પર ડામર પ્લાન્ટ ઊભો કર્યો હોવાના આક્ષેપો થયા છે. આ મામલે ગ્રામ પંચાયત, ખેડૂતો અને ગ્રામજનોએ એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, ગૌચરની જમીન હોવા છતાં તેનો ઉપયોગ ડામર પ્લાન્ટ માટે કરવામાં આવી રહ્યો છે. સરપંચ, પંચાયતના સભ્યો, ખેડૂતો અને ગ્રામજનોએ સ્થળ પર પહોંચીને કામગીરી સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને કામગીરી અટકાવવાની ફરજ પાડી હતી. આ ઉપરાંત ગ્રામ પંચાયત દ્વારા કોન્ટ્રાક્ટરને કામ બંધ કરવા માટે સત્તાવાર નોટિસ પણ આપવામાં આવી છે.

ડામર પ્લાન્ટમાંથી નીકળતી ધૂળ, માટી અને ધુમાડાને કારણે આસપાસનાં ખેતરોમાં ઊભા પાકને નુકસાન થઈ રહ્યું હોવાનો ખેડૂતોએ આક્ષેપ કર્યો છે. સ્થાનિક ખેડૂત ઉસ્માન પટેલના જણાવ્યા અનુસાર, કોન્ટ્રાક્ટર અને તેના સુપરવાઈઝરો માર્ગ અને મકાન વિભાગની જમીન હોવાનો દાવો કરીને છેલ્લા બે વર્ષથી ગૌચરની જમીનનો ઉપયોગ કરી રહ્યા છે.

બીજી તરફ, પ્લાન્ટની કામગીરી અને ભારે વાહનોની સતત અવરજવરને કારણે નજીકમાં આવેલી પીવાના પાણીની સરકારી ઓવરહેડ ટાંકીમાં વાઇબ્રેશન થતું હોવાની પણ ફરિયાદ કરવામાં આવી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, વિકાસકામના નામે સરકારી ગૌચરની જમીનનો ઉપયોગ કરવા માટે કોન્ટ્રાક્ટરને કઈ સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે તે અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે. જો મંજૂરી આપવામાં આવી હોય તો કયા વિભાગે અને કયા જમીન રેકોર્ડના આધારે આપી છે, તેની તપાસ કરવાની માગ ઉઠી છે. આ મામલે રોઝાટંકારીયા ગ્રામ પંચાયતના સરપંચ ધર્મેન્દ્રભાઈ પંડવી અને પંચાયત પરિવાર દ્વારા તાલુકા વિકાસ અધિકારી, આમોદ મામલતદાર, ભરૂચ જિલ્લા કલેક્ટર તેમજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સમક્ષ લેખિત રજૂઆતો કરવામાં આવી છે.

પંચાયત દ્વારા ગૌચરની જમીનના રેકોર્ડ, ડામર પ્લાન્ટની મંજૂરી, પર્યાવરણ પર થતી અસરો અને ખેડૂતોને થયેલા નુકસાનની તપાસ કરવાની માગ કરવામાં આવી છે. ગ્રામજનોએ તંત્રને એક સપ્તાહનું અલ્ટિમેટમ આપ્યું છે. જો આ સમયગાળામાં સ્થળ તપાસ કરીને પ્લાન્ટ દૂર કરવામાં નહીં આવે અને જવાબદારો સામે કાર્યવાહી નહીં થાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

દ.ગુજરાતમાં દીપડાની દહેશત

વાલોડના બહેજ ગામે ઘરના કોઢારમાં દીપડાનું બચ્ચું ઘુસ્યું



વાલોડ : વાલોડ તાલુકાના બહેજ ગામના કોતર ફળિયામાં દિવ્યેશભાઈ હરીશભાઈ ગામીતના ઘરના કોઢારમાં દીપડાનું બચ્ચું ભરાઈ ગયું હોવાની ઘટના બની હતી. આ ઘટના ગત તારીખ 30-10-2026 ના રોજ રાત્રે 8 વાગ્યાની આસપાસ બની હતી. આ અંગેની માહિતી મળતા જ વાલોડ વિસ્તરણ રેન્જના ઈન્ચાર્જ RFO ના માર્ગદર્શન હેઠળ વાલોડ વનવિભાગ અને RCSSG ટીમના સભ્યો ઈમરાન વૈદ અને ક્રિષ્નલ ગામિત તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ વાલોડ તાલુકાના બહેજ ગામે કોટર ફળિયામાં એક દીપડાનું બચ્ચુ આવી ચડ્યું હતું. જે અંગેની જાણ વાલોડના આર. એફ. ઓ સમીર કોંકણી ને થતા સ્ટાફ સાથે સ્થળ ઉપર આવી પહોચ્યા હતા.અને સ્થળ પર તપાસ કરતા જણાયું કે દીપડાનું બચ્ચું કોઢારમાંથી નીકળીને ઘરના આંગણા પાસે આવેલા ખેતરમાં બેસી રહ્યું હતું. ત્યારબાદ વનવિભાગની ટીમે સમજદારીપૂર્વક અવાજ કરી અને ફટાકડા ફોડીને ભારે જહેમત બાદ તેને સુરક્ષિત રીતે જંગલ તરફ ભગાડી દીધું હતું.

ભરૂચના ભોલાવ GIDC વિસ્તારમાં દીપડો દેખાયો



ભરૂચ : ભરૂચના પાડોશી ભોલાવ GIDC ફેઝ-1 વિસ્તારમાં દીપડો નજરે પડતા લોકોમાં ભારે અચરજ અને ભયનો માહોલ છવાઈ ગયો છે. સીસીટીવી ફૂટેજમાં દીપડાની મોજૂદગી પુષ્ટિ પામતા આખરે વન વિભાગ તેને સુરક્ષિત રીતે પકડવા માટે હરકતમાં આવી ગયું છે.

ભોલાવ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ યુવરાજસિંહ પરમારે રાત્રે ૧૨:૧૨ વાગ્યે નેચર પ્રોટેક્શન ચેરિટેબલ ટ્રસ્ટના હિરેન શાહને ફોન કરીને દીપડો દેખાયાની જાણ કરી હતી. ત્યારબાદ વન વિભાગને જાણ કરાતા હિરેન શાહ, વ્રજ શાહ અને રિતેશ ગાયકવાડ સહિતની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને તપાસ હાથ ધરી હતી. સવારે સીસીટીવી ફૂટેજ ચકાસતા તેમાં દીપડો હોવાનું સ્પષ્ટ સાબિત થયું હતું.

આ ઘટનાને પગલે GIDC ફેઝ-1 અને ભોલાવ આસપાસના નાગરિકો, કામદારો તેમજ રાત્રે અવરજવર કરતા લોકોને સાવચેત રહેવા તાકીદ કરવામાં આવી છે.

ઝઘડિયાના જંગલમાં માનવ કંકાલ મળી આવતાં ચકચાર

હિંસક વન્યપ્રાણીના હુમલાની આશંકા


વિનોદ વસાવા

ઝઘડિયા, ભરૂચ : ઝઘડિયા તાલુકાના જીતપુરા વગાના જંગલ વિસ્તારમાંથી એક માનવ કંકાલ મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે સળવળાટ મચી ગયો છે. જંગલના કોતરોમાં ઝાડીઓમાંથી કંકાલના ટુકડા છૂટાછવાયા મળી આવ્યા હતા. પ્રાથમિક દૃષ્ટિએ યુવક પર કોઈ હિંસક વન્યપ્રાણીએ હુમલો કર્યો હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.

ઘટનાની જાણ થતાં જ ઉમલ્લા પોલીસ સ્ટેશનનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝઘડિયાના ફિચવાડા ગામના બસ સ્ટેન્ડ ફળિયામાં રહેતા ૩૯ વર્ષીય ઈન્દ્રજીતસિંહ ભૂપતસિંહ ઘરીયા ગઈ તારીખ 20મી ઓક્ટોબરના રોજ ઘરેથી સીમાડા વગા પાસે આવેલા ખેતરે જવાનું કહીને નીકળ્યા હતા. જોકે, મોડી સાંજ સુધી તેઓ ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ તેમની સગા-સંબંધીઓ અને આસપાસના વિસ્તારોમાં વ્યાપક શોધખોળ આદરી હતી. તેમનો કોઈ પતો ન લાગતાં આખરે ચિંતિત પરિવારે ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં આ અંગે જાણ કરી હતી. દરમિયાન 30મી ઓક્ટોબરના રોજ જીતપુરા વગાના કોતરના જંગલમાં એક માનવ કંકાલ મળી આવ્યું હતું. ઉમલ્લા પોલીસની તપાસ દરમિયાન ઝાડીઓમાંથી કંકાલના ટુકડાની નજીક જ એક કાળા રંગનું ચોકડીવાળું શર્ટ અને ભૂરા રંગનું નાઈટ ટ્રેક પેન્ટ પણ મળી આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં આ વિસ્તારમાં દીપડા અથવા અન્ય હિંસક પશુના પંજાના મળી આવ્યા હોવાના સંકેત છે. જેથી વન વિભાગ દ્વારા તાકીદે જીતપુરા વગાના જંગલની નજીક પાંજરું ગોઠવી દેવામાં આવ્યું છે અને તેમાં મારણ મૂકીને હિંસક પશુને પકડવાની તજવીજ હાથ ધરાઈ છે.



ભરૂચમાં નેશનલ હાઈવે-48 પર ટેન્કરમાં આગ

ભરૂચ : ભરૂચના નેશનલ હાઈવે નંબર-48 પર લુવારા નજીક એક ટેન્કરમાં અચાનક આગ લાગતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, હજીરાથી રનોલી તરફ જઈ રહેલા ટેન્કરમાં લુવારા નજીક કોઈ કારણસર આગ લાગી હતી. આગની જાણ થતાં જ ટેન્કરચાલકે તાત્કાલિક વાહનને ઊભું રાખ્યું હતું. દરમિયાન, આગ વધુ વિકરાળ બને તે પહેલાં ત્યાંથી પસાર થતા એક કારચાલકે મદદ માટે આગળ આવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કર્યા હતા. નજીકમાં આવેલા પેટ્રોલ પંપ પર હાજર કર્મચારીની મદદથી સમયસર ટેન્કરમાં આગ વધુ પ્રસરતી અટકાવવામાં સફળતા મળી હતી.